કચેરી આદેશ નં.જયુડી./ ૧૩૦/૨૦૧૭
જયુડીશ્યલ બ્રાન્ચ, ડીસ્ટીકટ કોર્ટ,
જુનાગઢ. તા.૨૮/૦૯/૨૦૧૭

**વંચાણે લીધા:**

(૧) લીગલ ડીપાર્ટમેન્ટ, સચિવાલય, ગાંધીનગરના નોટીફીકેશન નં. GK/65/2017 /CCA/ 10217/ 2549/D,dated: 27/09/2017.

(૨) નામદાર ગુજરાત હાઈકોર્ટના નોટીફીકેશન નં. એ/ ૧૨૦૧ /૨૦૧૭, તા.૨૭/૦૯/૨૦૧૭.

(૨) ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢના નોટીફીકેશન નં. બી/ ૪૫ /૨૦૧૭, તા.૨૭/૦૯/૨૦૧૭.

– :: **કચેરી આદેશ** :: –

ઉપરોકત વંચાણે લીધેલા આમુખોમાં જણાવ્યા પ્રમાણે કેશોદ મુકામે એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, કાર્યરત થતાં અમોને મળેલ સીવીલ પ્રોસીજર કોડની કલમ–૨૪ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૦૮ ની સતાની રૂએ નીચે મુજબની વિગતે તા. ૦૨/૧૦/૨૦૧૭ ના કચેરી સમય પહેલાની અસરથી એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટના કેશોદ, માંગરોળ, માળીયા હાટીના, હકુમતનાં જુનાગઢ મુકામેની પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, ત્રીજી એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, ચોથી એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, જુનાગઢમાં પેન્ડીંગ રહેલ સીવીલ, ક્રિમીનલ તથા કલેઈમ કેસો એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, કેશોદ મુકામે ટ્રાન્સફર કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત ટ્રાન્સફર થયેલા કેસો પૈકી જે ક્રિમીનલ કેસોમાં મુદામાલ સંભાળેલ હોય તે તમામ મુદામાલ એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, કેશોદને કેસો સાથે સોંપી આપવો. ભવિષ્યમાં ઉપરોકત જયુરીડીકશનની અલગ થતી કોર્ટમાં તેની હકુમતનાં કેસો તથા સાધનીક કાગળો મળી આવે તો તે આ કચેરી આદેશ અન્વયે તે કોર્ટમાં ટ્રાન્સફર કરવા.

તબદીલ કરેલ કેસો તથા અન્ય સાધનીક કાગળોનું લીસ્ટ અત્રેની કચેરીને મોકલી આપવું તેમજ તબદીલ થયેલ કેસોની એન્ટ્રી સી.સી.આઈ.એસ. એપ્લીકેશન માં તબદીલ કરીને જ ફીઝીકલી ટ્રાન્સફર કરવા.

સહી/–
(ડી.ટી.સોની)
પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ
જુનાગઢ.

**નકલ જાણ તથા અમલવારી માટે રવાના:–**

(૧) એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ એડીશનલ સેશન્સ કોર્ટ, જુનાગઢ.

(૨) ત્રીજી / ચોથી એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, જુનાગઢ.

(૩) એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, કેશોદ.

(૪) પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, કેશોદ/માંગરોળ/ માળીયા હાટીના.

(૫) ઈન્સ્પેકશન બ્રાંચ / જયુડીશ્યલ બ્રાંચ / કલેઈમ બ્રાંચ / રેકર્ડ બ્રાંચ / કોમ્પ્યુટર બ્રાંચ, જુનાગઢ.

(૬) નોટીસ બોર્ડ, પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢ

(૭) જીલ્લા સરકારી વકીલશ્રી, જુનાગઢ.